# ગાંધીનગર સહિત ૮ મહાનગરોમાં ૧૫મી સુધી રાત્રિ કર્ફ્યુ લંબાવાયો

## કોરોના પર નિયંત્રણ છતાં ઢિલ આપવામાં સરકાર સચેત : જાહેર ગણેશ ઉત્સવમાં ૪ ફૂટ અને ઘરમાં બે ફૂટી ગણેશ મૂર્તિનું સ્થાપન કરી શકાશે

કોરોના વાયરસ સંક્રમણને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ફરી ૮ મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂ લંબાવવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે રાજ્યના આઠ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર શહેરમાં ૨૮ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી રાત્રી કર્ફ્યૂ અમલમાં રહેશે. આ શહેરોમાં રાત્રે ૧૧ કલાકથી સવારે ૬ કલાક સુધી રાત્રી કર્ફ્યૂ અમલમાં રહેશે.

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશ પ્રમાણે રાજ્યના આઠ મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂ લંબાવી દેવામાં આવ્યું છે. હવે આ શહેરોમાં ૧૫ સપ્ટેમ્બર સુધી રાત્રી કર્ફ્યૂ લાગૂ રહેશે. આ દરમિયાન લોકો રાત્રે ૧૧થી સવારે ૬ કલાક સુધી બિનજરૂરી બહાર નિકળી શકશે નહીં. તો આ આઠ મહાનગરોમાં માત્ર જન્માષ્ટમી એટલે કે ૩૦ ઓગસ્ટ, સોમવારે એક દિવસ પૂરતો રાત્રી કર્ફ્યૂમાં વધારાની એક કલાકની છૂટછાટ મળશે.

રાજ્યમાં તહેવારો આવી રહ્યાં છે. ૩૦ ઓગસ્ટે જન્માષ્ટમી છે. તો ૯ સપ્ટેમ્બરથી ૧૯ ,સપ્ટેમ્બર રાજ્યભરમાં ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. આ માટે પણ રાજ્ય સરકારે ખાસ ગાઈડલાઈન જાહેર કરી છે. રાજ્યરભમાં જન્માષ્ટમી અને ગણેશ મહોત્સવનું આયોજન કરતા આયોજકોએ આ ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

રાજ્યભરમાં લોકો જન્માષ્ટમીના રોજ રાત્રે ૧૨ કલાકે ઉજવાતા પરંપરાગત કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી શકશે. મંદિર પરિસરમાં એક સાથે વધુમાં વધુ ૨૦૦ લોકોને પ્રવેશ આપવામાં આવશે. તો મંદિરમાં દર્શન માટે આવતા લોકોએ સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરવું પડશે. તો તહેવારમાં નિકળતી શોભાયાત્રામાં પણ મર્દાયિત વાહનો અને મર્યાદિત રૂટ પર તેનું આયોજન કરી શકાશે. આ શોભાયાત્રામાં પણ વધુમાં વધુ ૨૦૦ લોકોને હાજર રહેવાની મંજૂરી આપવામાં આવી છે. તો રાજ્યમાં તહેવારો દરમિયાન મટકીફોડનું આયોજન કરવામાં આવશે નહીં. રાજ્યભરમાં ૯ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી ગણેશ મહોત્સવની ઉજવણી થવાની છે. આ માટે સરકારે ગાઈડલાઈન જાહેર કરી છે. તે પ્રમાણે જાહેર ગણેશ ઉત્સવમાં ૪ ફૂટ અને ઘરમાં બે ફૂટી ગણેશ મૂર્તિનું સ્થાપન કરી શકાશે. જાહેર ગણેશ મહોત્સવમાં પંડાલ શક્ય તેટલા નાના રાખવાનું પણ જણાવાયું છે. ગણેશ ઉત્સવમાં આવતા લોકો માસ્ક પહેરે અને સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરે તે પણ એસઓપીમાં કહેવામાં આવ્યું છે. તો ગણેશ સ્થાપન અને વિસર્જન માટે વધુમાં વધુ ૧૫ લોકોને અને એક વાહનને છૂટ આપવામાં આવી છે. તો ઘરમાં સ્થાનપ કરેલા ગણેશજીનું ઘરમાં જ વિસર્જન કરવાનું કહેવામાં આવ્યું છે. ગણેશ ઉત્સવ દરમિયાન રાજ્યના ૮ મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂમાં વધુ એક કલાકની છૂટ આપવામાં આવી છે. એટલે કે આ ૮ મગહાનગરોમાં ગણેશ ઉત્સવ દરમિયાન રાત્રે ૧૨ કલાક સુધી છૂટછાટ આપવામાં આવી છે.

# સરદાર ડેમમાં વર્ષ સુધી ચાલે એટલો પીવાના પાણીનો સ્ટોક

## વરસાદની ઘટથી રાજ્યમાં ગંભીર જળસંકટના સંકેત : પાણીની આવક ઓછી હોવા છતાં પીવાના પાણીની મુશ્કેલી નહીં ઊભી થાય એવો નાયબ મુખ્યમંત્રીનો દાવો

ગાંધીનગર, તા.૨૬

ચાલુ વર્ષે વરસાદની ઘટ સર્જાતા ગુજરાતની માથે ગંભીર જળસંકટની સ્થિતિ સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. આ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પ્રેસ કોન્ફરન્સમાં નિવેદન આપતા જણાવ્યું છે કે,



સરદાર સરોવર ડેમમાં ૧ વર્ષ પીવાનું પાણી મેળવી શકાય તેટલો સ્ટોક છે.

નીતિન પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ઘણા વર્ષો પછી આ વર્ષે ગુજરાતમાં વરસાદ ઓછો છે. લગભગ મોટાભાગના જિલ્લાઓમાં જે સરેરાશ વરસાદ થતો એની સરખામણી ખૂબ ઓછો વરસાદ પડ્યો છે. રાજ્ય સરકારના સિંચાઈ વિભાગના ૨૦૦ કરતા વધુ બંધો છે, તે બધામાં પાણી ખૂબ જ ઓછું છે. આપણો ગુજરાતનો મુખ્ય સરદાર સરોવર ડેમ કે જેના દ્વારા લાખો હેક્ટરમાં સિંચાઈનું પાણી આપીએ છીએ. તે ડેમમાં પણ દર વર્ષ કરતા અત્યારે ખૂબ જ ઓછું પાણી છે.

તેમણે જણાવ્યું કે, આ ઉપરાંત મધ્ય પ્રદેશમાં પણ કે જ્યાંથી ડેમમાં પાણી આવે છે તે વિસ્તારમાં પણ ખૂબ જ ઓછો વરસાદ છે જેથી નર્મદામાં ડેમમાં પણ મર્યાદિત પાણી છે. પણ હું નર્મદા મંત્રી તરીકે એટલું ચોક્કસથી કહીશ કે, અત્યારે જે પાણી સરદાર સરોવર બંધમાં છે, એ આવનારું આખું વર્ષ ગુજરાતના તમામ નાગરિકોને એટલે કે ચાર કરોડ લોકોને પીવાનું પુરેપુરુ શુદ્ધ પાણી આખા વર્ષ દરમિયાન પૂરું પાડી શકાય તેટલો જથ્થો આપણા સરદાર સરોવર ડેમમાં અત્યારે ઉપલબ્ધ છે.

નર્મદા મંત્રીએ જણાવ્યું કે, આ સિવાય પણ અત્યારે નર્મદાના કમાન્ડ વિસ્તારમાંથી કેનાલ દ્વારા ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપી રહ્યા છે અને જે સિંચાઈના બંધો છે એમાં પણ પીવાનું પાણી અનામત રાખીને બાકીનું પાણી ખેડૂતોનો પાક બચાવવા અત્યારે રાજ્ય સરકાર દ્વારા સિંચાઈ માટે જ્યાં શક્ય છે ત્યાં પાણીનો જથ્થો આપવામાં આવી રહ્યો છે. ઉર્જા વિભાગ દ્વારા ખેડૂતોને જે હજારો ટ્યૂબવેલ અને કૂવાઓ દ્વારા ખેડૂતો પોતાના ખેતરમાં જે પાણી મેળવે છે તેના માટે જે વીજળી જોઈએ તેના માટે પણ રાજ્ય સરકાર ૮ કલાકના બદલે ૧૦ કલાક આપવાનો નિર્ણય ઘણા સમય પહેલા કર્યો છે.

નીતિન પટેલે વધુમાં જણાવ્યું કે, નિયમિત રીતે ખેડૂતો જે વીજળી વાપરે એના બદલે દરરોજ અત્યારે એક કરોડ યુનિટ વધારાની વીજળી અત્યારે ખેડૂતો સિંચાઈ માટે વાપરી રહ્યા છે તે માટે જે ખર્ચ થશે અને જે સબસીડી આપવી પડશે એ ખેડૂતો વતી ગુજરાત સરકાર ગુજરાત વિદ્યુત બોર્ડને ચૂકવશે. આમ ખેડૂતોને મદદરૂપ થવા નર્મદાના કમાન્ડ વિસ્તારમાંથી કેનાલો દ્વારા પાણી આપવા માટે પ્રયત્ન કરી રહ્યા છીએ.

## બી.બી.એ. કોલેજના વિદ્યાર્થીઓ મેજર ઈન્ડસ્ટ્રીની મુલાકાતે

બી.બી.એ. કોલેજના પ્રથમ વર્ષના ૩૨૫ વિદ્યાર્થીઓએ અમદાવાદના ઔદ્યોગિક વિસ્તાર ઓઢવમાં આવેલી પ્રતિષ્ઠિત મેજર ઈન્ડસ્ટ્રીની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગિક મુલાકાતનું મહત્વ સમજાવ્યુ હતુ. ડૉ. જયેશ તન્નાએ સમગ્ર મુલાકાતનું સંકલન કર્યુ હતુ. મેજર ઈન્ડસ્ટ્રીના અજયભાઈ દેવાસી દ્વારા વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ, ઉપાચાર્ય પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, કોલેજ પરિવાર દ્વારા સફળ થયો હતો.



## ડીસાની સિવિલ હોસ્પિટલ તાવ- શરદીના દર્દીઓથી ઉભરાઈ ઉઠી

ડીસાની સિવિલ હોસ્પિટલ પ્રતિદિન તાવ -શરદીના વાયરલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. પ્રતિદિન વાયરલ ફીવરના ૧૫૦ થી ૨૦૦ જેટલા કેસ નોંધાઈ રહ્યા છે જોકે સિવિલના ડોકટરો દ્વારા તમામ દર્દીઓના કોરોના ટેસ્ટ પણ કરવામાં આવી રહ્યા છે જે તમામના રિપોર્ટ નેગેટિવ આવી રહ્યા છે. સમગ્ર દુનિયામાં કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવ્યો હતો. લાખો લોકો આ મહામારીમાં મૃત્યુ પામ્યા છે હવે કોરોનાના કેસ ઘટ્યા બાદ ફરીથી ત્રીજી લહેરનો ભય પણ ફેલાયો છે. મિશ્ર ઋતુમાં સામાન્ય તાવ અને શરદીના લક્ષણના પગલે કોરોનાનો ભય ફરી જનમાનસ પર ઉભો થઈ રહ્યો છે ત્યારે ડીસા સિવિલ હોસ્પિટલમાં પણ તાવ, શરદી,ખાંસીના વાયરલ કેશોમાં ભારે ઉછાળો આવ્યો છે. પ્રતિદિન ૧૫૦ થી ૨૦૦ જેટલા કેસો વાયરલ ફીવરના સિવિલ ખાતે નોંધાઈ રહ્યા છે ત્યારે ત્રીજી લહેર ના ભય વચ્ચે તબીબો પણ આ તમામ દર્દીઓના કોરોના રિપોર્ટ પણ કરાવી રહ્યા છે જેમાં તમામ ના રિપોર્ટ સામાન્ય વાઈરલ તાવ શરદીના આવતા તબીબો સહિત દર્દીઓ પણ ભય મુક્ત થયા છે જોકે દેશના અન્ય રાજ્યોમાં કોરોના ડેલ્ટા વાયરસની ત્રીજી લહેરના કેશોમાં પણ ઉછાળો આવી રહ્યો છે ત્યારે કોરોનાની ત્રીજી લહેરથી બચવા માટે સાવચેતી પણ તેટલા પ્રમાણમાં જરૂરી લાગી રહી છે.

# ડીસામાં મોઘવારી અને ખાનગીકરણના વિરોધમાં આમ આદમી પાર્ટીની સાયકલ રેલી

ડીસા ખાતે આમ આદમી પાર્ટી દ્વારા મોંઘવારી અને ભ્રષ્ટાચારના વિરોધમાં વિરોધ પ્રદર્શન કરાયું હતું. ડીસામાં આપના કાર્યકરોએ સાયકલ રેલી નીકાળી સરકાર સામે વિરોધ દર્શાવ્યો હતો.

છેલ્લા ઘણા સમયથી કેન્દ્ર સરકાર દ્વારા દરેક વસ્તુઓમાં ભાવ વધારો કરવામાં આવી રહી છે. જે અંતર્ગત હાલમાં લોકો સૌથી વધુ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાથી મોટો માર સહન કરી રહ્યા છે. ખાસ કરીને ખેડૂતો અને મધ્યમ વર્ગના લોકો પર સતત મોંઘવારીના કારણે તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પેટ્રોલ-ડિઝલના વધતા જતા ભાવ, બેકાબૂ બનતી મોંઘવારી તેમજ સરકાર દ્વારા રાષ્ટ્રીય સંપત્તિઓને ખાનગી કંપનીઓને વેચાણ કરવાના વિરોધમાં આમ આદમી પાર્ટી દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગુરૂવારે ડીસા ખાતે આમ આદમી પાર્ટી દ્વારા કેન્દ્ર સરકારની ખાનગીકરણની નીતિ તેમજ મોંઘવારી સામે બાઈક અને



સાઈકલ રેલી યોજી હતી. ડીસાના રીસાલા બજારથી નીકળેલી રેલી મુખ્ય માર્ગો થઈ નાયબ કલેકટર કચેરીએ પહોંચી હતી. જ્યાં નાયબ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્ર આપી નાયબ કલેકટરને રજૂઆત કરવામાં આવી હતીકે તાત્કાલિક ધોરણે સરકાર દ્વારા જે સતત ચીજવસ્તુઓમાં અને પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો થઈ રહ્યો છે તેને ઓછો કરવામાં આવે નહિતર આવનારા સમયમાં તેનો જવાબ આવનારી વિધાનસભામાં જનતા આપશે. હાલમાં જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે તેવું ન બને તે માટે સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે તમામ વસ્તુઓમાં ભાવ ઘટાડો કરવો જોઈએ.



## જીએસડીએમનો ૧૨મો વાર્ષિક પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ

જીએસસડીએમ એજ્યુકેશન સંચાલિત જી.એસ.ડી.એમ. તાલીમ કેન્દ્રમાં પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. જે અંતર્ગત ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રિશિયન, ફીટર તેમજ રેફ્રિજરેશન મિકેનિક જેવા ટેકનિકલ ટ્રેડના ૪૭૨ જેટલા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. આ તમામ તાલીમાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી અંગેની શુભેચ્છાઓ તુષાર જી. પટેલ (આચાર્ય)એ પાઠવી હતી.

# ગાંધીનગર ખાતે સાહિત્ય અકાદમીના મેઘાણી ભવનનો શિલાન્યાસ ૨૮મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સાહિત્ય અકાદમીના નૂતન ભવનનો શિલાન્યાસ કાર્યક્રમ ૨૮મીએ ઝવેરચંદ મેઘાણી જયંતીએ યોજાશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના નૂતન ભવનનું ઈ-ખાતમુહૂર્ત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે થશે. તેમજ આ કાર્યક્રમમાં ગુજરાતનાં ૧૪ જેટલા સ્વમાન ધન્ય સાહિત્યકારોને સાહિત્ય ગૌરવ સન્માન, યુવા ગૌરવ સન્માન અને વેદ-શાસ્ત્ર પંડિત સન્માનથી સન્માનિત કરવામાં આવશે. ઝવેરચંજ મેઘાણીજીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તો આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, યુવક સેવા, સાંસ્કૃતિક અને રમત-ગમત વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પટેલ, અધિક સચિવ સી.વી. સોમ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા અકાદમીને ગાંધીનગરના સેક્ટર-૧૦ ખાતે જમીન ફાળવવામાં આવેલ છે. આ જમીન પર અકાદમીનું અત્યાધુનિક સુવિધાઓ ધરાવતુ પાંચ માળનું નવ્ય-ભવ્ય ભવન આકાર પામશે. ગુજરાતના સાહિત્યકારો, અમર સાહિત્યકૃતિઓના પ્રદર્શન અને હેરીટેજ લિટરેચર ગેલેરી સાથેનું આ ભવન ગુજરાત સાહિત્ય અકાદમીની નવી ઓળખ બની રહેશે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની ૧૨૫મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં મેઘાણી સ્મૃતિવંદના માટે આ ભવનનું નામકરણ 'મેઘાણી સાહિત્ય અકાદમી ભવન' કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ગુજરાતના અગ્રણી સાહિત્યકારો ઉપસ્થિત રહેશે. અકાદમી દ્વારા કલા અને સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્યકારોને આમંત્રણ આપવા સાથે આ સમગ્ર કાર્યક્રમનું ફેસબુક અને અન્ય માધ્યમોથી જીવંત પ્રસારણ કરવામાં આવશે તેમ અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવે જણાવ્યું છે.

ટચુકડી
જાહેર ખબર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## આર્થિક તંગી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિણામે, હાલ કાબુલ એરપોર્ટ પર કોણ, ક્યારે જમીન પર પડી જાય એ વિશે કશું કહી શકાય એમ નથી. અફઘાનિસ્તાનમાંથી બહાર નીકળવા માટે રાહ જોતા હજારો લોકો કાબુલ એરપોર્ટ પર ભેગા થયા છે. જેને જ્યાં જગ્યા મળી ત્યાં બેસીને તે પોતાનો વારો આવવાની રાહ જોઈ રહ્યા છે. અહીં પરિણામ એ આવ્યું કે ખાવા-પીવાની વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. સમાચાર એજન્સી રોઈટર્સના જણાવ્યા પ્રમાણે, એક અફઘાન નાગરિકે કહ્યું હતું કે અહીં પાણી અને જમવાની કિંમત હજારોમાં વસૂલાય છે. આમ, અફઘાનો બંને બાજુથી પરેશાન થઈ રહ્યા છે. એક બાજુ તાલિબાનો પીડા આપી રહ્યા છે અને બીજી બાજુ મોંઘવારીનો માર.અફઘાન નાગરિક ફઝલ-ઉર રહેમાને સમાચાર એજન્સી રોઈટર્સને જણાવ્યું હતું કે કાબુલ એરપોર્ટ પર પાણીની એક બોટલના ૪૦ અમેરિકન ડોલર એટલે કે અંદાજે ૩ હજાર રૂપિયામાં અને એક પ્લેટ ભાત ૧૦૦ અમેરિકન ડોલર એટલે કે ૭૫૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યાં છે. નવાઈની વાત એ છે કે આ વસ્તુઓ માત્ર ડોલરમાં વેચવામાં આવી રહી છે, અફઘાનિસ્તાનની કરન્સીમાં નહીં. જો કોઈ પાણીની બોટલ અથવા ખાવાનું ખરીદે તો તેમણે અમેરિકન ડોલરમાં પેમેન્ટ કરવાનું હોય છે.ફઝલે આગળ જણાવ્યું હતું કે અહીં વસ્તુઓ એટલા મોંઘા ભાવે મળી રહી છે કે સામાન્ય વ્યક્તિ માટે એ ખરીદવી મુશ્કેલ છે. અન્ય એક અફઘાની નાગરિક અબ્દુલ રઝાકે કહ્યું હતું કે અહીં લોકોની સખત ભીડ છે અને એને કારણે મહિલાઓ અને બાળકોની સ્થિતિ દયાજનક છે.

અહીં લોકોની હાલત ખરાબ થતી જાય છે. લોકો અફઘાનિસ્તામાંથી નીકળવા માટે એટલા અધીરા છે કે તેઓ કચરાના ઢગલાનો કે ગટરના ગંદા પાણીનો પણ વિચાર નથી કરતા અને જ્યાં જગ્યા મળે ત્યાં કલાકો સુધી તેમનો વારો આવવાની રાહ જોઈ રહ્યા છે.

# રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત કેવડિયા ખાતે દ્વિ-દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા-નર્મદા ખાતે દેશના વિવિધ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે આગામી તા. ૩૦ તથા ૩૧ ઓગસ્ટ-૨૦૨૧, બે દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરાયું છે.

આ કોન્ફરન્સમાં રાજ્યોના મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રીઓ, સચિવો ભાગ લઈ વિવિધ મિશન આધારિત વિચાર-વિમર્શ કરશે.

આ બે દિવસીય કાર્યક્રમના પ્રથમ દિવસ તા. ૩૦ ઓગસ્ટ-૨૦૨૧ના રોજ વિવિધ રાજ્યોના મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રીઓ તથા સચિવો વિશ્વની ૧૮૨ મીટર સૌથી ઊંચી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લેશે. કોન્ફરન્સના બીજા દિવસ તા. ૩૧ ઓગસ્ટ-૨૦૨૧ના રોજ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની દ્વારા આ પરિષદનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. ત્યારબાદ મિશન પોષણ ૨.૦, મિશન વાત્સલ્ય તથા મિશન શક્તિ જેવાં વિવિધ વિષય પર પ્રેઝન્ટેશન કરાશે. તદુપરાંત કેવડિયા ખાતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઔષધિય વનસ્પતિઓનું વૃક્ષારોપણ કરાશે.

# હિંમતનગર ટાઉન હોલ ખાતે ૨૮મી ઓગસ્ટે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી ઉજવાશે

બાયડ તા.૨૬

રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ રાજ્યના ૩૩ જિલ્લાઓ ૨૮મીએ ૧૦:૩૦ થી ૧૨:૩૦ કલાકે પુસ્તકાલયોને ઉજવવામાં આવશે. આ નિમિત્તે "કસુંબીનો રંગ ઉત્સવ કાર્યક્રમ" અંતર્ગત ગઈ કાલે તા. ૨૫/૮/૨૦૨૧ના રોજ જિલ્લા કલેક્ટરશ્રી હિતેશ કોયાની અધ્યક્ષતામાં કાર્યક્રમને સુચારુ રીતે પાર પાડવા અંગે સૂચનાઓ અને માર્ગદર્શન મેળવ્યું હતું.

આગામી ૨૮મી એ ટાઉનહોલ ખાતે મહાનુભાવોમાં



પુસ્તક સેટ મેઘાણીજીના જીવન ઉપર ડોક્યુમેન્ટરી ફિલ્મ તથા મેઘાણી રચિત ગીતોની રમઝટ કલાકારો દ્વારા પ્રસ્તુત કરાશે શાળા-કોલેજના બાળકો ઉપસ્થિત રહેશે.

આગામી ૨૮ મી ઓગસ્ટ ૨૦૨૧ના રોજ રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ રાજ્યના ૩૩ જિલ્લામાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી ભવ્ય રીતે કાર્યક્રમ આયોજન અને અમલીકરણ અંગે બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, જિલ્લા પોલીસ વડા શ્રી નીરજ બડગુજર તથા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી મોદી અને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, રમતગમત અધિકારીશ્રી અને હિંમતનગર પોલિટેકનિકના આચાર્ય ડો. રાવલ નોડલ અધિકારીશ્રી ઉપસ્થિત રહી મહેસુલમંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ, લોકસભા સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, રાજ્યસભા સાંસદ શ્રીમતી રમિલાબેન બારા અને સ્થાનિક આગેવાનો દ્વારા ૧૦:૩૦ કલાકે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવશે. અને મહાનુભાવોનું મેઘાણીના પુસ્તક અને પુષ્પો દ્વારા સ્વાગત કરવામાં આવશે.

# વેદાંતા અને હિન્દાલ્કોની આયાત ભલામણથી એલ્યુમિનીયમ સ્ક્રેપના આયાતકારોમાં રોષ

અમદાવાદ, તા. ૨૬

વેદાંતા અને હિન્દાલ્કો જેવી પ્રાયમરી એલ્યુમિનિયમની ઉત્પાદક કંપનીઓએ બ્યૂરો ઓફ ઈન્ડિયા સ્ટાન્ડર્ડની ઓથ લઈને એલ્યુમિનીયમ સ્ક્રેપની આયાત બંધ કરાવવાની ભલામણ કરીને પોતાનો ઈજારો ઉભો કરવાનો પ્રયાસ કરતા એલ્યુમિનિયમના સ્ક્રેપના આયાતકારોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. બન્ને કંપનીઓ દ્વારા ભારતમાં ગાર્બેજ સ્ક્રેપની આયાત થતી હોવાનો આક્ષેપ કરતા ભારતમાં વાર્ષિક ધોરણે ૧૫ લાખ ટન એલ્યુમિનિયમ સ્ક્રેપની આયાત કરીને ઓટો પાર્ટ સહિતની અલગ અલગ વસ્તુઓ બનાવનારાઓને સપ્લાય કરતા એલ્યુમિનિયમના ઉત્પાદકોને ધંધો બંધ કરી દે તેવી પરિસ્થિત સર્જાઈ છે.

ઓલ ઈન્ડિયા નોન ફરસ મેટલ એક્ઝિમ એસોસિયેશન (એન્મા)ના સેક્ટરી જયંત જૈને જણાવ્યું હતુ કે પ્રાયમરી એલ્યુ. ઉત્પાદકોએ જે ગાર્બેજ સ્ક્રેપની આયાતનો આક્ષેપ મુક્યો છે તેનો સવાલજ પેદા થતો નથી કારણે કસ્ટમ્સમાં માલની ચકાસણી થાય છે અને સર્ટીફિકેટ પણ જારી કરવામાં આવે છે. જોકે સ્ક્રેપમાં અલગ અલગ પ્રમાણમાં અશુદ્ધતા આવી શકે છે. તેનો મતલબ એવો નથી કે ગાર્બેજની આયાત કરવામાં આવે છે. ફક્ત ત્રણથી ચાર ટકા ગાર્બેજ હોય છે તેમાં ૯૬ ટકા તો એલ્યુમિનીમ હોય છે.

તેમણે જણાવ્યું હતુ કે સ્ક્રેપમાંથી બનતા એલ્યુમિનિયમમાંથી બનતી ૨૨ હજાર ટન વેલ્યુએડેટ ચીજવસ્તુઓની દર મહિને ભારતમાંથી નિકાસ થાય છે અને બાકીના ઉત્પાદનો બજારમાં વેચાય છે. જેના લીધે દેશને વિદેશી હૂંડીયામણની સારી એવી કમાણી થાય છે. જ્યારે પ્રાયમરી એલ્યુમિનીયમના ઉત્પાદકો વેલ્યુ એડીશન કર્યા વિના તેની સીધી નિકાસ કરે છે અને પ્રદૂષણ ફેલાવે છે. છતાયે બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડઝને એલ્યુમિનિયમ સ્ક્રેપની આયાત પર બ્રેક લગાવવા ભલામણ કરીને સ્ક્રેપની આયાત કરીને રિસાયકલ કરનારાઓને તોડી પાડવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાય છે. હાલમાં અમારા ઉદ્યોગ દ્વારા ૧૫ ટકા જેટલી નિકાસ કરવામાં આવે છે.

## સરહદે ભીડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હજારો અફઘાની નાગરિકોની ભીડનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જે પાકિસ્તાનમાં ઘૂસવા ઈચ્છે છે. આ વીડિયો સ્પિન-બોલદાક સરહદનો છે. ત્યાં સરહદ પર લોકો દરવાજો ખુલે તેની રાહ જોઈ રહ્યા છે જેથી પાકિસ્તાનમાં જઈને રહી શકે.

નાતિક નામના એક પત્રકારે આ વીડિયો ટ્વીટ કર્યો છે. તેમણે જણાવ્યું કે, આ કાબુલ એરપોર્ટ નહીં પણ સ્પિન બોલદાક સરહદ છે જ્યાં હજારો લોકો ઉપસ્થિત છે જે અફઘાનિસ્તાનમાંથી પાકિસ્તાન જવા ઈચ્છે છે. અહીં કાબુલ એરપોર્ટ કરતા પણ વધુ ખરાબ સ્થિતિ છે. પરંતુ અહીં કોઈ વિદેશી સેના તૈનાત ન હોવાથી કોઈનું તેના પર ધ્યાન નથી જઈ રહ્યું.

ઉલ્લેખનીય છે કે, જ્યારથી અફઘાનિસ્તાનમાં તાલિબાન રાજ શરૂ થયું છે ત્યારથી મોટી સંખ્યામાં લોકો ત્યાંથી ભાગી રહ્યા છે. કાબુલથી સતત ફ્લાઈટ ઉડી રહી છે જેના દ્વારા અફઘાની નાગરિકો અને વિદેશી નાગરિકો અફઘાનિસ્તાન છોડીને ભાગી રહ્યા છે.

અમેરિકાના અહેવાલ પ્રમાણે ૧૫મી ઓગષ્ટથી અત્યાર સુધીમાં આશરે ૮૦,૦૦૦ કરતા વધારે લોકોએ વિમાન દ્વારા દેશ છોડી દીધો છે. અમેરિકા ઉપરાંત નાટો દેશ પણ પોતાના નાગરિકો અને અફઘાની નાગરિકોને ત્યાંથી કાઢી રહ્યા છે. ભારત દ્વારા પણ રેસ્ક્યુ મિશન ચલાવાઈ રહ્યું છે.

પાકિસ્તાન અફઘાનિસ્તાનની પાડોશમાં આવેલું છે અને બંનેની સરહદ એકદમ અડીને હોવાથી પાકિસ્તાન પર અફઘાની નાગરિકોનો વધુ ભાર પડી રહ્યો છે. એક અહેવાલ પ્રમાણે આશરે ૧૪ લાખ કરતા વધારે અફઘાની નાગરિકોએ હાલ પાકિસ્તાનમાં શરણ લીધેલું છે.